ગાંધીનગર સમાચાર



કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય સેક્ટર-૩૦ ખાતે વિદ્યાર્થીઓનું વિરોધ પ્રદર્શન

## @ગાંધીનગર

● કડવા પાટીદાર સમાજ દ્વારા શરદપૂર્ણિમા નિમિત્તે રાત્રે ૮ થી ૧૧ કલાક દરમિયાન ઉમિયાધામ, સેક્ટર-૧૨ ખાતે ગરબા મહોત્સવ યોજાશે.

● પ્રજાપતિ સમાજ દ્વારા શરદપૂનમની રઢીયાળી રાત્રે રંગમંચ, સેક્ટર-૧૨ ખાતે ગરબાના ભવ્ય કાર્યક્રમ યોજાશે. જેમાં કલાવૃંદની ગાયિકા સાક્ષી ગોહિલ ગરબાની રમઝટ બોલાવશે.

● સે-૩-સી કલ્ચરલ સ્કવેરમાં શરદપૂર્ણિમા નિમિત્તે રાસ ગરબા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન વડીલોનું સન્માન પણ કરવામાં આવશે.

● ન્યુ ગાંધીનગર કુડાસણ ખાતે આવેલ રાધે રેસીડેન્સી ખાતે રાત્રે ૯.૦૦ કલાકથી શરદપૂર્ણિમા નિમિત્તે અંતાક્ષરી, બાળકોના વિવિધ કાર્યક્રમ સાથે દૂધપૌંઆનું આયોજન કરવામાં આવ્યું છે.

● પીડીપીયુ પાસે આવેલ જાન્હવી ફાર્મ ખાતે સાંજે ૭.૦૦ કલાકે બોલીવુડ સિંગર પામેલા જૈન દ્વારા ગરબા રજૂ કરાશે.

● મહાનગરપાલિકા આયોજિત ગરબા મહોત્સવ રાત્રે ૯-૦૦ કલાકે સે-૧૬, રંગમંચ ખાતે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# શહેરની શાળાઓને ગરબાનો રંગ લાગ્યો

## શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસેત્તર પ્રવૃત્તિ અંતર્ગત ઉજવાતા ધાર્મિક તહેવારોમાં નવરાત્રી ઉજવવાનો ટ્રેન્ડ વધ્યો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરની શાળાઓને પણ ગરબાનો રંગ લાગ્યો છે. શહેરની લગભગ તમામ જાણીતી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા નવરાત્રીના પ્રારંભથી લઈને શરદપૂનમ સુધીના સમયગાળામાં એક થી ત્રણ દિવસ માટેના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક સંસ્થાઓના ગરબા મહોત્સવમાં વિદ્યાર્થીઓ તેમના વાલીઓ સાથે ઉમંગભેર જોડાયા હતા. તાજેતરમાં સેન્ટ ઝેવિયર્સ સ્કુલમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા ગરબા યોજાયા હતા. આજે માઉન્ટ કાર્મેલ સ્કુલ ખાતે પણ ગરબાનું આયોજન કરાયું છે.

શાળા કેમ્પસમાં અભ્યાસેત્તર પ્રવૃત્તિઓ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. જેમાં ટેલેન્ટ શો, સ્પર્ધાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, દેશભકિતના કાર્યક્રમો, સેવાકીય પ્રવૃત્તિઓ, પ્રવાસ-પર્યટન ઉપરાંત વિવિધ તહેવારો પર ધાર્મિક કાર્યક્રમોનો પણ સમાવેશ થાય છે. ધાર્મિક કાર્યક્રમોમાં અત્યાર સુધી ખાસ કરીને જન્માષ્ટમી, હોળી, રક્ષાબંધન વગેરે ઉજવાતા હતા. પરંતુ છેલ્લા કેટલાક સમયથી નવરાત્રી ઉજવવાનો પણ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. ગરબા પ્રત્યે વિદ્યાર્થીઓનો લગાવ આ માટે કારણભૂત હોવાનું પ્રાથમિક નજરે જણાય છે. ધીમે ધીમે શાળા



સંકુલોમાં રાસ ગરબાના આયોજનોનું પ્રમાણ વધી રહ્યું છે. ગાંધીનગરમાં આ વર્ષે લગભગ તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં નાના મોટા પાયે ગરબા મહોત્સવ ઉજવાયા છે. જેમાં એક દિવસથી માંડીને ત્રણ દિવસ સુધીના આયોજનો કરવામાં આવ્યા હતા.

નવરાત્રીના પ્રારંભ પૂર્વે જીઆઈડીસી વિસ્તારમાં હિલવુડ સ્કુલમાં નાના ભૂલકાઓ માટે ગરબા યોજવામાં આવ્યા હતા. ત્યારબાદ નવરાત્રી પર્વ દરમિયાન સે-૨૩ના કડી સર્વ વિદ્યાલય કેમ્પસની ઘણી બધી શાળાઓ, વાવોલની એમ.ડી. શાહ પ્રાથમિક શાળા, કોલવડાની કે.કે. પટેલ વિદ્યામંદિર, સરગાસણ વિસ્તારની કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈન્ફોસીટી વિસ્તારમાં નીફટ કોલેજ, અડાલજ વિસ્તારમાં કર્ણાવતી ડેન્ટલ કોલેજ તથા અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી વગેરેમાં નવરાત્રી મહોત્સવના વિશેષ આયોજન કરવામાં આવ્યા હતા. નગરમાં નવરાત્રી પર્વના સમાપન સાથે સ્કુલ ઓફ એચિવર દ્વારા સે-૬માં કલ્ચરલ ફોરમ ગરબા ગ્રાઉન્ડમાં રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. સે-૮માં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના પ્રાંગણમાં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંગઠન ટેક્ષા-જી 'રઢિયાળી રાત' નામે નવરાત્રી પર્વની ઉજવણીના એક દિવસીય કાર્યક્રમનું આયોજન કરાયું હતું તો આજે સે-૨૧માં માઉન્ટ કાર્મેલ સ્કુલમાં યોજાયેલા રાસ ગરબાના કાર્યક્રમે નગરજનોનું ધ્યાન ખેંચ્યું છે.

## વાતવાતમાં

● ગાંધીનગરના રોડ નં. ૫ પરના ઈલેકટ્રોનિકસ જીઆઈડીસી પાસેના રેલવે ફાટકે આજે એક પોલીસની ગાડીને રાહ જોવાનો વારો આવ્યો હતો. ફાટક ખુલવાની રાહ જોઈને કંટાળેલા પોલીસ કર્મીએ એક તબક્કે તો સાયરન પણ વગાડી જોઈ હતી.

● નગરમાં શરદઋતુના પ્રારંભે જ તિબેટીયન સ્વેટર બજાર પણ આવી પહોંચ્યું છે. અનેક નગરજનોને તો આ બજાર જોઈને જ શિયાળાનો અહેસાસ થવા લાગ્યો હતો.

● શરદપૂર્ણિમાના પગલે નગરમાં દૂધના વેચાણમાં ઉછાળો નોંધાયો હતો. બજારમાં મળતા પૌંઆમાં પણ ચોકલેટ પૌંઆ, આઈસ્કીમ પૌંઆ, સ્ટ્રોબેરી પૌંઆ જેવી અનેક વેરાયટીએ નગરજનોને અચંબિત કર્યા હતા.

● શહેરના કેટલાક રહેણાંક વિસ્તારોમાં નીલ ગાયો ફરતી જોવા મળી રહી છે. સ્હેજ અવાજથી પણ ફફડી ઉઠતા આ પ્રાણીના મજબૂત શારિરીક બાંધાને કારણે વાહન ચાલકોએ સતર્ક રહેવાની જરુર છે.

- સમીર રામી

૯૯૨૪૪૪૬૬૪૫

## શહેર જિલ્લા કોંગ્રેસ માયનોરીટી ડિપાર્ટમેન્ટ દ્વારા તાજીયા જુલુસનું ભવ્ય સ્વાગત કરાયું

ગાંધીનગર, તા.૨૬

ઈસ્લામ ધર્મના મહાન પયગંબર સાહેબના દોહિત્ર ઈમામ હુસેન તથા તેમના ૭૨ સાથીદારોની શહાદતની યાદગીરીમાં શહેરના મુસ્લિમ સમાજ દ્વારા શનિવારના રોજ મોહરમ પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સેકટર-૨૯ હુસેની ચોકથી ઘ-૬ સર્કલ થઈ, ઘ-૫, સે-૧૭-૨૨, ચ-૫ થઈ સેકટર-૨૧ જુમ્મા મસ્જિદ થઈ સે-૨૧ શાક માર્કેટ આગથી તાજીયા જુલુસ પસાર થયું હતું.



ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ માયનોરીટી ડિપાર્ટમેન્ટના ચેરમેન હિંમતભાઈ મેકવાન, વાઈસ ચેરમેન પઠાણ યુસુફખાન, જયાબેન લાડ, દિવાન નાસિરશા, પરેશ કિરટભાઈ, પોલ જે. ક્રિસ્ટી, સૈયદ નિઝામુદીન, વોરા સમીર, પરમાર શાંતિલાલ તેમજ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના પ્રમુખ સુર્યકાંત ડાભી તથા યાકુબભાઈ મન્સુરીએ હાજર રહી તાજીયા જુલુસનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

ગાંધીનગરના હિંદુ-મુસ્લિમ તેમજ તમામ વર્ગના લોકોએ ઠેર ઠેર ભવ્ય સ્વાગત કર્યું હતું અને 'યા હુસેન'ના ગગનચુંબી નારાઓથી સમગ્ર રૂટ ગુંજી ઉઠયો હતો. આમ શહેરમાં પરંપરાગત તાજીયા જુલુસ શાંતિપૂર્ણ સંપન્ન થયા હતા.

## સે-૨૪માં અશ્લીલ વિડીયો સીડી સાથે એકની ધરપકડ : પોલીસે રૂ. ૨૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આરોપીને જેલ હવાલે કર્યો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનર શહેરના સે-૨૪માં ચાર રસ્તા પર અશ્લીલ વિડીયો સીડી વેચતા શખ્સની સે-૨૧ પોલીસે અટકાયત કરી અંદાજીત રૂ. ૨૨૦૦ની કિંમતની ૮૭ અશ્લીલ સીડી જપ્ત કરી આરોપીને જેલ હવાલે કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર શહેરના સે-૨૪ સ્થિત ૨૪ ચાર રસ્તા પાસે લાંબા સમયથી ફિલ્મી વિડીયો સીડી સાથે અશ્લીલ સીડી ખુલ્લેઆમ વેચતા વેપારીની સામે અનેક ફરિયાદો ઉઠવા પામી હતી. આથી સ્થાનિક પોલીસે સે-૨૪ ખાતે વેપારીને ત્યાં તપાસ હાથ ધરી હતી. જેમાં ૮૭ અશ્લીલ સીડી જપ્ત કરી અંદાજે રૂ. ૨૨૧૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને અશ્લીલ સીડીનું વેચાણ કરતા ગણેશ નાગરભાઈ ચાવડા (રહે. ચરેડી છાપરા)ની ધરપકડ કરી સે-૨૧ પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ઈન્ફોસીટી કલબ ખાતે શરદરાત્રીની ભવ્ય ઉજવણી




(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૨૬

શનિવાર તા. ૨૪ ઓકટોબરના રોજ ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટ, ગાંધીનગર ખાતે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખુબ જ મોટી સંખ્યામાં આમંત્રિતોએ હાજરી આપી હતી. ઈન્ફોસીટી, ઈન્ફોસીટી કલબ તથા બારોટ પરિવાર દ્વારા દર વર્ષે શરદ રાત્રીનું આયોજન કરવામાં આવે છે ચાલુ વર્ષે તા. ૨૪ ઓકટોબર ૨૦૧૫નાં રોજ આયોજિત શરદરાત્રી ૨૦૧૫ના પ્રસંગે રાજકીય તથા સામાજીક અગ્રણીઓ તથા મિત્ર વર્તુળોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

રાજદીપ બારોટ તથા વનિતા બારોટની સંગીત પાર્ટીએ સમગ્ર કાર્યક્રમ દરમિયાન ધુમ મચાવી હતી. ગામઠી ગરબાથી માંડીને રાસ સહિત પશ્ચિમી સંગીતના સમન્વયમાં ખેલૈયાઓ ઝુમ્યા હતા. નાના બાળકોથી માંડીને યુવાનો, વૃધ્ધોએ પણ ગરબા રાસ રમવાનો આ મોકો છોડયો ન હતો.

ઈન્ફોસિટી ગૃપના એમ.ડી. શ્રી સુવાસ બારોટ તથા ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટના એમ.ડી. શ્રીમતી અંજુ બારોટ સાથે માતાજીની મહાઆરતીમાં ખાસ આમંત્રિત મહેમાનો શ્રીમતી હંસાબેન મોદી (મેયર), આશિષભાઈ દવે (ચેરમેન-ગુડા), મહેન્દ્રસિંહ રાણા (પુર્વ મેયર), રાકેશભાઈ પટેલ (સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન), રતિલાલ વર્મા (પુર્વ સાંસદ), અંજલીબેન પંડયા, ઉર્વિશભાઈ કંથારીયા વગેરે પણ જોડાયા હતા. આરતી બાદ રાજદીપ બારોટ તથા વનિતા બારોટના સંગીતના તાલે શરદ રાત્રીની શરૂઆત થઈ હતી. ગાંધીનગર કલ્ચરલ ફોરમના શ્રી કૃષ્ણકાંત જહાએ પણ હાજરી આપીને પ્રસંગને દિપાવ્યો હતો. ખાસ આમંત્રિતો માટે ખાન-પાનની વ્યવસ્થા રાખવામાં આવી હતી. ઈન્ફોસીટી તથા કલબના તમામ કર્મચારીઓ મહેમાનોની સરભરામાં સ્વૈચ્છિક રીતે જોડાયા હતા અને તમામ જવાબદારીઓ નિભાવી હતી. પોલીસ ડિપાર્ટમેન્ટ તરફથી પણ આ પ્રસંગે સુરક્ષા અને શાંતિમાં સહયોગ પ્રાપ્ત થયો હતો.

આ પ્રસંગને સફળ બનાવવા માટે અને પ્રસંગને દિપાવવા માટે હાજર રહેલ તમામ મહેમાનો તથા સ્ટાફગણનો શ્રી સુવાસ બારોટ તથા શ્રીમતી અંજુ બારોટે ઈન્ફોસિટી અને બારોટ પરિવાર વતી આભાર માન્યો હતો.

## ચ-૩ મેદાનમાં આજે કેપીટલ ક્રિએટીવ કલબ દ્વારા ગરબા

કેપીટલ ક્રિએટીવ કલબ દ્વારા શરદપૂર્ણિમા નિમિત્તે આજે સેકટર-૧૧ સ્થિત ચ-૩ના મેદાનમાં ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. કેપીટલ ક્રિએટીવ કલબના પ્રમુખ મુકેશ પટેલના જણાવ્યા મુજબ શરદપૂર્ણિમા નિમિત્તે યોજાનારા ગરબા મહોત્સવે જાણીતા કલાકાર શ્યામ ગઢવી ગરબાની રમઝટ બોલાવશે. આ દરમિયાન સેકટરોમાં યોજાતા શેરી ગરબાના આયોજકોનું પણ સન્માન કરવામાં આવશે. ગરબા સાંજે ૭-૦૦ કલાકે શરૂ કરી દેવાશે. ગરબા મહોત્સવ અન્વયે શ્રેષ્ઠ ખેલૈયાઓને ઈનામ એનાયત કરી નવાઝવામાં આવશે.

## શહેરમાં 'આપ' પાર્ટીના કાર્યાલયનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૬

આમ આદમી પાર્ટીના ગાંધીનગર કાર્યાલયનો આજથી પ્રારંભ થયો છે. શહેરના સે-૨૭ ખાતે પ્લોટ નં. ૨૬૬ ગાયત્રીનગર સોસાયટી સ્થિત આ કાર્યાલય રાજયના આપ પાર્ટીના પ્રભારી દીલીપ ચૌહાણના હસ્તે ખુલ્લુ મુકાયું હતું. આપના કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે આપ પાર્ટીના શહેરના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## અંબાજી મંદિરના વહીવટ સામે બ્રહ્મસમાજની લડત

ગાંધીનગર, તા.૨૬

બ્રહ્મ હિત રક્ષા સમિતિ દ્વારા તાજેતરમાં રાજયકક્ષાની કારોબારી મીટીંગ અંબાજી મુકામે યોજવામાં આવી હતી. આ મીટીંગમાં હાજર રહેલા સભ્યો દ્વારા અગત્યનો એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. ઠરાવમાં સમગ્ર ગુજરાતના તમામ જ્ઞાતિ સમાજના આગેવાનોની અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટ સામે લડત આપવા લડત સમિતિની રચના કરવાનું ઠરાવાયું છે. તેમજ આ લડત સમિતિમાં જોડાવવા માંગતા ગુજરાત રાજયના તમામ જ્ઞાતિઓના આગેવાનો સાથે સંપર્ક સાધવા જણાવાયું છે.

# કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય સેકટર-૩૦ ખાતે વિદ્યાર્થીઓનું વિરોધ પ્રદર્શન

## કેન્દ્રીય વિદ્યાલય ખાતે એમ.ફીલ. તથા પી.એચ.ડી.નો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મળતી સ્કોલરશીપ બંધ કરી દેવાતા રોષ

ગાંધીનગર, તા.૨૬

ભારતભરમાં કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયમાં લાખો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય ખાતે ઉચ્ચ અભ્યાસ કરતા એમ.ફીલ. તથા પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓને પ્રતિમાસ ભારત સરકાર દ્વારા સ્કોલરશીપ આપવામાં આવી હતી પરંતુ તાજેતરમાં ભારત સરકારની મળેલી બેઠકમાં આગામી સત્રથી વિદ્યાર્થીઓની સ્કોલરશીપ બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. તંત્રના આ નિર્ણયથી ભારતભરમાં ઉચ્ચ અભ્યાસ કરતા લાખો વિદ્યાર્થીઓમાં નિરાશા વ્યાપી છે. ત્યારે વિદ્યાર્થીઓએ શહેરના સે-૩૦ ખાતે આવેલી કેન્દ્રીય વિદ્યાલય શાળા ખાતે આજે સવારે બસોથી વધારે વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહીને વિરોધ દર્શાવી કેન્દ્રીય વિદ્યાલય ગુજરાતના કુલપતિ એસ.એ. બારીને આવેદનપત્ર આપ્યું હતું.

ભારતભરમાં આવેલી કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયોમાં હજ્જારો વિદ્યાર્થીઓ એમ.ફીલ. તથા પી.એચ.ડી.નો ઉચ્ચ અભ્યાસ કરે છે. આ વિદ્યાર્થીઓ માટે ભારત સરકાર દ્વારા દર વર્ષો કરોડો રૂપિયાની સ્કોલરશીપ ફાળવવામાં આવે છે. આ ગ્રાન્ટમાંથી રાજયમાં અભ્યાસ કરતા એમ.ફીલ.ના વિદ્યાર્થીને રૂ. ૫૦૦૦ તેમજ




પી.એચ.ડી.ના વિદ્યાર્થીને રૂ. ૮૦૦૦ પ્રતિમાસ સરકાર દ્વારા સ્કોલરશીપ સ્વરૂપે આપવામાં આવે છે. આ રૂપિયાનો મોટે ભાગે વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસમાં ખર્ચ કરતા હોય છે. ઉચ્ચ અભ્યાસ કરતા મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ માટે આ સ્કોલરશીપ આશીર્વાદરૂપ સાબિત થાય છે. આવી કારમી મોંઘવારીમાં એમ.ફીલ તેમજ પી.એચ.ડી. અભ્યાસના ખર્ચા ગરીબ/મધ્યમવર્ગને પોસાતા નથી ત્યારે તંત્ર તરફથી મળતી સ્કોલરશીપથી વિદ્યાર્થીઓને થોડી રાહત મળે છે પરંતુ તંત્રની તાજેતરમાં દિલ્હી ખાતે મળેલી બેઠકમાં આગામી સત્રથી આ સ્કોલરશીપ બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. જેથી વિદ્યાર્થીઓની હાલત કફોડી બની છે. રાજયભરમાં કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં રોષ વ્યાપ્યો છે. તંત્રના નિર્ણયથી રાજયની વિદ્યાલયોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા ધરણા અને વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યો છે. શહેરની સે-૩૦ સ્થિત કેન્દ્રીય વિદ્યાલય ખાતે આજ રોજ સવારના સુમારે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ એકત્ર થયા હતા અને ધરણા વિરોધ પ્રદર્શન કરી કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયના ગુજરાતના કુલપતિ એસ.કે. બારીને આવેદન આપી જે સ્કોલરશીપ મળે છે તે યથાવત રાખવા માંગણી કરી હતી.

## પ્રમુખ ઝિઓન સોસાયટીમાં શરદોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ

સરગાસણ નજીક સ્થિત પ્રમુખ ઝીઓન ટાઉનશીપમાં શરદપૂર્ણિમા નિમિત્તે રાસ ગરબા તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. શરદોત્સવની અનોખા પારિવારિક માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. પ્રમુખ ઝિઓન સોસાયટીના પ્રમુખ ઘનશ્યામ પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે સોસાયટીના સર્વે સભ્યોના સહયોગથી શરદોત્સવની ઉજવણી કરવામાં આવી હતી જે અન્વયે સોસાયટીના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક નૃત્ય રજૂ કર્યા હતા. પરિવારજનોએ રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. આ તબક્કે ટાઉનશીપના બિલ્ડરોનું પણ અભિવાદન કરવામાં આવ્યું હતું.

# આપણું લોકસંગીત હંમેશા જીવંત રહેશે : પામેલા જૈન

## 'તુને મારી એન્ટ્રી યાર' અને 'યે હૈ મોહબ્બતે' ફેઈમ મશહુર ગાયિકા પામેલા જૈનની ગાંધીનગર સમાચાર સાથે ખાસ મુલાકાત

ગાંધીનગર, તા.૨૬

ભલે વેસ્ટર્ન સંગીતની હાલમાં ઘણી બોલબાલા ચાલી રહી હોય પરંતુ ભારતનું લોકસંગીત હંમેશા જીવંત જ રહેશે. ગુજરાત મને ગમે છે કારણકે ગુજરાતીઓ હંમેશા દરેક કલાકારને પ્રેમ કરે છે. આ શબ્દો છે 'તુને મારી એન્ટ્રી યાર, દિલમેં બજી ઘંટી' અને 'સાડી કે ફોલસા કભી મેચ કિયા રે' ફેઈમ મશહુર ગાયિકા પામેલા જૈનના. આજે ગાંધીનગરની મહેમાન બનેલા પામેલા જૈને ગાંધીનગર સમાચાર સાથેની ખાસ વાતચીત દરમિયાન પોતાની આગવી શૈલીમાં જવાબો આપ્યા હતાં.

કભી કમ ના હોગી યે મોહબ્બતે, પલ પલ બઢતી રહેયે મોહબ્બતે... યે હૈ મોહબ્બતે... સ્ટાર ટીવી પર આવતી યે હૈ મોહબ્બતે સિરિયલનું આ ટાઈટલ સોંગ અત્યારે ઘર ઘરમાં ગુંજી રહ્યું છે. અને માત્ર મહિલાઓ જ નહી પરંતુ બાળકો અને પુરુષોમાં પણ હોઠે ચડી ચુકયું છે. આ ગીત ગાયું છે પામેલા જૈને. મૂળ બંગાળી હોવા છતાં ગુજરાતી, ઉડીસા, ભોજપુરી, મરાઠી અને પંજાબી સહિત દેશની અનેક ભાષામાં ગીતો ગાતી પામેલા અત્યારના સમયની લોકપ્રિય ગાયિકા છે. આજે ગાંધીનગર ખાતે શરદ પૂનમના એક ગરબા કાર્યક્રમમાં પરફોર્મ કરવા આવેલ પામેલા જૈન લતા મંગેશકર અને આશા



ભોંસલેને પોતાના આદર્શ માને છે તો કહે છે આ બંને મહાન ગાયિકામાં એક રામાયણ છે તો બીજી ભગવદ્ ગીતા છે. શૈક્ષણિક રીતે ચાર્ટડ એકાઉન્ટન્ટ હોવા છતાં ગાયકીના શોખે પામેલા વર્ષ ૨૦૦૦ની સાલમાં મુંબઈ આવી હતી. તેને પ્રથમ બ્રેક મળ્યો રાજેશ રોશન દ્વારા. શાસ્ત્રીય સંગીતના પ્રખર ગુરુ પંડિત મિલેન્દુ મુખર્જીની શિષ્યા પામેલા કહે છે કે એક નાના બાળક પાસેથી પણ ઘણું બધું શીખવા મળી શકે છે. પામેલા અત્યાર સુધીમાં દિપિક પાદુકોણ પ્રિયંકા ચોપરા, રાની મુખર્જી, અમીષા પટેલ, એશા દેઓલને પોતાનો કંઠ આપી ચુકી છે અને ટીવીના પડદે પણ યે હૈ મોહબ્બતે ઉપરાંત જોધા અકબર, ઈસ પ્યાર કો કયા નામ દે, ઈતના કરોના પ્યાર સહિત અનેક સિરિયલોના સોંગ્સ ગાયા છે. ફિલ્મોમાં ધૂમ, વિવાહ, આપ મુજે અચ્છે લગને લગે, ગુંડે, આર રાજકુમાર જેવી અનેક હીટ તેના નામે છે.

ગુજરાતી ગરબામાં સૂરમંદિર સાથે જોડાઈને પામેલા જૈન ખૂબ ઊંચું આસન બનાવ્યું છે. તેણે કૈલાશ ખૈર સાથે પણ 'ઉડે રે ગુલાલ', 'માની ચુંદડી' વગેરે ગરબા આલ્બમો કર્યા છે જે ઘણા હીટ નીવડયા છે. દેશ વિદેશની સફર ખેડી ચુકેલ પામેલા કહે છે વિદેશમાં પણ ગુજરાતી ગરબા ખૂબ લોકપ્રિય છે તે તેણે અનુભવ્યું છે. અત્યંત મસ્તીભર્યા ગીતો માટે જાણીતી થયેલ પામેલાને પોતાને સોફટ રોમાંટિક સોંગ્સ ખુબ પસંદ છે.

ગુરુદત્તની અત્યંત પ્રસિધ્ધ ફિલ્મ 'સાહબ, બીબી ઔર ગુલામ'ની પટકથા લખનાર બિમલ મિત્રા પામેલા જૈનના નાના થાય છે. પોતાના પરિવારમાં બે બહેનોને કોઈ પણ ભેદભાવ વગર થયેલા ઉછેર માટે પોતાની જાતને નસીબદાર માનતી પામેલા જૈન કહે છે કે તે સમાજમાં દિકરીઓ સાથે કરાતા ભેદભાવથી અત્યંત દુઃખ અનુભવે છે. અને સૌને દિકરીઓની લાગણી સમજી દિકરા જેટલો જ અવકાશ આપવા અનુરોધ કરે છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

## લકુલેશ યુનિવર્સિટીમાં ધ્યાન યોગ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૬

વિ કેર ફાઉન્ડેશન અને લાઈફ મીશન સંસ્થા દ્વારા લકુલેશ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે યોગ શિબિરનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શિબિરમાં જે.સી. પટેલે મૌખિક અને પ્રેકટીકલ દ્વારા ધ્યાન, ધારણા અને સમાધીની સમજણ આપી હતી તેમજ તમામ વિદ્યાર્થીઓએ ધ્યાન, ધરણા અને સમાધીના એક એડવાન્સ કોર્સનો લાભ લીધો હતો. કાર્યક્રમમાં ડૉ. જાડેજા તથા તમામ સ્ટાફ ગણ ઉપસ્થિત રહ્યા હતા.

## જ્ઞાન-વિજ્ઞાન સાહિત્યની સંપૂર્ણ સૂચિ તૈયાર કરાશે

ગાંધીનગર, તા.૨૬

બાલ સાહિત્ય અકાદમી દ્વારા એક પ્રકલ્પરૂપે ગુજરાતી વિજ્ઞાન સાહિત્યની સંપૂર્ણ સૂચિ તૈયાર કરવામાં આવનાર છે. આ સૂચિ તૈયાર કરવાનું કાર્ય જાણીતા જ્ઞાન-વિજ્ઞાન લેખક બંસીધર શુકલે સ્વીકાર્યું છે. આ સૂચિમાં ગુજરાતભરના લેખકો, પ્રકાશકો તેમજ વાચકોને પોતે લખેલા, પ્રગટ કરેલા કે વાંચેલા જ્ઞાન-વિજ્ઞાન વિષયક પુસ્તકો જેમાં પાઠય પુસ્તકો અને ગાઈડો વગેરેનો સમાવેશ ના થાય તેની વિગતો મોકલવા બંસીધર શુકલને તેમના નિવાસસ્થાન- ૬, જીવન સૌરભ, શાંતિવન પાસે, પાલડી, અમદાવાદ ૩૮૦૦૦૭ના સરનામે મોકલી આપવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ યાદી સાથે પુસ્તકો મોકલવા જરૂરી નથી તેવું પણ જણાવાયું છે.

## ચિરવિદાય

● સ્વ. દક્ષાબેન સુરેશભાઈ ચૌહાણ (ઉ.વ.૫૨)